# જીવાશ્મ વૈજ્ઞાનિક (પેલિયોન્ટોલોજીસ્ટ)

જીવાશ્મ વૈજ્ઞાનિક એક એવા વૈજ્ઞાનિકો છે જે જીવાવશેષો (અશ્મિઓ)નો અભ્યાસ કરે છે. જીવાશ્મ વૈજ્ઞાનિકો જમીન કે ખડકોમાં જળવાયેલા અશ્મીઓનો આધારે પૃથ્વી પરના જીવનના ઇતિહાસનો અભ્યાસ છે. જીવાશ્મ/અશ્મિઓ એ ભૂતકાળમાં વસતા હતા તેવા જીવો (છોડ, પ્રાણીઓ, ફૂગ, બેક્ટેરિયા અને અન્ય એક-કોષીય જીવંત વસ્તુઓ)ના અવશેષો અથવા નિશાનો છે જે ભૂસ્તરમાં/પૃથ્વીના પોપડામાં સચવાયેલા છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે વિજ્ઞાનનો આનંદ માણો છો
- તમને બહાર કામ કરવાનું ગમે છે
- તમે સમસ્યાઓ/પરિસ્થિતિઓનું વિશ્લેષણ કરવાનું પસંદ કરો છો
- તમે સારી રીતે અવલોકન કરવાની સમજ ધરાવો છો



ફી

આ અભ્યાસક્રમની ફી આશરે રૂ. ૧૦,૦૦૦ થી ૨,૦૦,૦૦૦* જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ** - **www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. વિજ્ઞાન પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કરો. (ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને જીવવિજ્ઞાન)

૨. જીવવિજ્ઞાન/ભૂસ્તરશાસ્ત્રમાં સ્નાતક (B.Sc.)ની ડિગ્રી મેળવો.

**અથવા**

સ્નાતકની ડિગ્રી મેળવ્યા બાદ, સમાન અથવા સંબંધિત વિષયમાં અનુસ્નાતકની ડિગ્રી મેળવો અને ત્યારબાદ પી.એચ.ડી. કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

જીવાશ્મ વૈજ્ઞાનિકનું અંદાજીત માસિક વેતન રૂ. ૮૦,૦૦૦ થી ૧,૫૦,૦૦૦* જેટલું હોય છે.

સ્રોત: https://www.salaryexpert.com/salary/job/paleontologist/india

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** સરકારી અને ખાનગી સંશોધન સંસ્થાઓ, પર્યાવરણીય સંસ્થાઓ, કુદરતી વિજ્ઞાન સંગ્રહાલયો સહિત અન્ય સંસ્થાઓ.

**કાર્યસ્થળનું વાતાવરણ:** આ ડેસ્ક જોબ નથી. તમે ટીમનું સંચાલન કરવાનું રહે છે. સ્થાનિક મુસાફરી એ તમારી ભૂમિકાનો એક ભાગ હોઈ શકે છે. પાર્ટ-ટાઈમ અને કરાર આધારિત નોકરીઓ ઉપલબ્ધ થઈ શકે છે. સંસ્થાઓ સામાન્ય રીતે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ અને દરરોજ ૮ થી ૯ કલાક કામ કરે છે. સંસ્થા મુજબ તેમાં ફેરફાર થઈ શકે છે. શિફ્ટ પ્રથા ઉપલબ્ધ હોઈ શકે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

તાલીમાર્થી → જીવાશ્મ વૈજ્ઞાનિક → વરિષ્ઠ જીવાશ્મ વૈજ્ઞાનિક → વિભાગના નાયબ નિયામક → વિભાગના નિયામક

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

પેલિયોન્ટોલોજીસ્ટ, જીઓલોજીસ્ટ, ફોસિલ જીયોલોજીસ્ટ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ ભૂસ્તરશાસ્ત્ર અથવા ભૂસ્તર વિજ્ઞાન વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. એમ.એસ.યુ., વડોદરા
૨. ગવર્મેન્ટ આર્ટસ કોલેજ, તમિલનાડુ
૩. અલાગપ્પા ગવર્મેન્ટ આર્ટસ કોલેજ, તમિલનાડુ
૪. સેન્ટર ફોર ડિસ્ટન્સ લર્નિંગ એન્ડ કન્ટીન્યુઈંગ એજ્યુકેશન, મધ્યપ્રદેશ
૫. ગવર્મેન્ટ આર્ટ્સ કોલેજ, કોઈમ્બતુર
૬. ગવર્મેન્ટ આર્ટસ કોલેજ, સાલેમ
૭. ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
૮. શ્રી પ્રતાપ કોલેજ, શ્રીનગર

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા કૃપા કરીને તપાસ કરો કે શું સંસ્થા યુજીસી સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે.)

૧. પારૂલ યુનિવર્સિટી, વડોદરા
૨. એ.ડી.એમ. કોલેજ ફોર વુમન, નાગપટ્ટનમ
૩. એ.વી.એસ. કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, સેલમ
૪. ડી.બી.એસ. પી.જી. કોલેજ, દેહરાદૂન
૫. એસ.પી.ટી.એમ. કોલેજ ઓફ આર્ટ્સ એન્ડ સાયન્સ, સુરત
૬. ડૉ. પાલપુ કૉલેજ ઑફ આર્ટસ એન્ડ સાયન્સ, પુથુસેરી
૭. ફર્ગ્યુસન કોલેજ, પુણે
૮. ગોસનર કોલેજ, રાંચી

સંસ્થાઓના રેન્કિંગની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- NPTEL* સ્વયમ: https://onlinecourses.swayam2.ac.in/cec19_mm01/preview

- www.ncs.gov.in
- www.skillindiadigital.gov.in
- https://anubandham.gujarat.gov.in
- mybharat.gov.in

* એન.પી.ટી.ઈ.એલ.-નેશનલ પ્રોગ્રામ ઈન ટેકનોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

જીવાશ્મ-જૈવિક સંશોધક એવા **દેવપ્રિયા ચટ્ટોપાધ્યાય,** ભારતની એવી કેટલીક મહિલાઓ પૈકીની એક છે જેમણે જીવાશ્મ વિજ્ઞાનના ક્ષેત્રમાં પોતાની ઓળખ બનાવી છે. પોતાની સમગ્ર કારકિર્દી દરમિયાન તેણીએ અનેક સંશોધન કાર્યો હાથ ધર્યા. તેણીએ જાદવપુર યુનિવર્સિટીમાંથી ભૂસ્તરશાસ્ત્રમાં બી.એસ.સી. તેમજ એમ.એસ.સી.ની પદવી હાંસલ કરી હતી. ત્યારબાદ, આઇ.આઇ.ટી., મુંબઈમાંથી એપ્લાઇડ જીઓલોજીમાં તથા યુનિવર્સિટી ઓફ મિશિગનમાંથી પી.એચ.ડી.ની પદવી હાંસલ કરી હતી.*

સ્રોત:https://www.shethepeople.tv/news/meet-palaeontologist-devapriya-chattopadhyay-indian-woman/

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.